# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૬ • અંક ૩ • સળંગ અંક ૬૧ • મુંબઈ • ડિસેમ્બર, ૨૦૧૧ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

**શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર**

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## મંડળનો શતાબ્દી વર્ષમાં મંગળ પ્રવેશ

### પ્રમુખ સ્થાનેથી...

**સ્નેહી સ્વજન,**

જય જિનેન્દ્ર!

આપણી માતૃસંસ્થા **શ્રી પાટણ જૈન મંડળે** ૧૬ ડીસેમ્બર ૨૦૧૧ના રોજ સેવાસભર ઉજ્જવળ કારકીર્દિના શતાબ્દી વર્ષમાં પ્રવેશ કર્યો છે. શિક્ષણના પ્રચાર અને પ્રસાર હેતુ માટે સ્થપાયેલી આપણી સંસ્થાએ આજે શિક્ષણ, મેડીકલ, આર્થિક સહયોગ, વૃદ્ધજન સહાય, રહેઠાણ, મહિલા ઉત્કર્ષ, વિકલાંગ ઉત્કર્ષ, સ્વાવલંબન સહિત કાળક્રમે જીવન ઘડતરને અનુલક્ષીને અનેક ઉપક્રમો હેઠળ સહયોગી બની જીવન વિકાસને સુગમ અને સુલભ બનાવ્યો છે. સમાજની વર્તમાન આવશ્યકતા અનુસાર જરૂરી ગતિવિધિ સાથે તેને સંતોષવા મહદ્ અંશે સંસ્થા સફળ થઈ છે.

**શતાબ્દી વર્ષના મંગલ પ્રભાતે**

ભૂતપૂર્વ કાર્યકરો અને દરિયાવદિલ દાતાઓની કુશાગ્ર બુદ્ધિમત્તા, દીર્ઘદૃષ્ટિ, સંતુલિત ચિંતન, સત્ત્વશીલતા અને પરિપક્વતાએ નાણાભંડોળનો અસ્ખલિત વરસાદ વરસાવ્યો છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સક્રિય સહકાર અને પરિણામલક્ષી પુરુષાર્થથી શ્રી પાટણ જૈન મંડળને સ્વાભિમાનપૂર્વક સમૃદ્ધિ અને પ્રગતિની ટોચ પર પહોંચાડનાર મોભીઓને સંભારી તેમની સમર્પિત સેવાને પુરસ્કૃત કરનાર **મંડળના મશાલચીઓને હાર્દિક અભિનંદન**

જનનીની જોડ સખી નહિ જડે રે લોલ! **જીવનમાં માતા પછી જો મહત્ત્વનું સ્થાન આપવું હોય તો તે માતૃભૂમિ કે માતૃસંસ્થાનું છે, જેના ઉપકારનો બદલો કોઈપણ વ્યક્તિ ક્યારેય વાળી શકતી નથી. આપણી માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળ જ્યારે શતાબ્દી વર્ષમાં પ્રવેશી ચુકી છે, ત્યારે આપણી સૌની નૈતિક ફરજ બને છે કે, તેની ઉજવણી સહકારી વલણ અને અહોભાવ સાથે ભવ્ય રીતે થાય.** સમાજમાં રહી સમાજ માટે તન-મન-ધનથી કાર્ય કરનાર વિરલાઓ માટે મંડળ ઉચ્ચ સ્તરીય મંચ પુરુ પાડે છે. જે આત્મસંતોષની આભાને પ્રજ્વલિત રાખે છે.

**એક સ્તુત્ય અભિગમ :**

પરંપરાગત પ્રણાલિકા પ્રમાણે પરિવારમાં આવતા શુભ કાર્યારંભે પૂજા અર્ચના તથા મોઢું મીઠું કરાવવાનો શિરસ્તો ચાલ્યો આવે છે, આ તો માતૃસંસ્થાનો શતાબ્દી અવસર છે અને તેથી જ સ્નાત્રપૂજા અને ઈશ્વર આરાધના બાદ મીઠાશના સ્વાદ અને મહેંકને માણવા સંસ્થાના સઘળા પરિવારોને બુંદીના લાડવા પહોંચાડવાના પ્રયત્નો કર્યા છે જેણે આપણી લાગણીના

### શતાબ્દી વર્ષને ઉગમતે પ્રભાતે!...

**મિત્રો!**

**હાર્દિક અભિનંદન! ભવ્ય ભાતીગળ ઈતિહાસ અને બહુમુખી સેવા, સાધના અને શ્રદ્ધાની પ્રતિભા ધરાવતી વડવાઓ દ્વારા લાડકોડથી ઉછરેલ આપણી સંસ્થા શ્રી પાટણ જૈન મંડળે તા. ૧૬-૧૨-૨૦૧૧ના રોજ શતાબ્દી વર્ષમાં પ્રવેશ કર્યો છે.**

**સંસ્થાના સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષના ફલક પર સઘન અને સક્ષમ ભૂમિકા ભજવનાર સમર્પિત દીર્ઘદૃષ્ટા દાતાગણ, લક્ષ્મીપતિઓ, આજીમાજી ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, સન્નિષ્ઠ કાર્યકરો, કાર્યાલયના કર્મયોગીઓ તથા આપ સર્વે સભ્ય મહાનુભાવો આ દીર્ઘ યાત્રાના સફળ સુકાનીઓને સંસ્થા સાભાર અભિનંદન પાઠવે છે.**

**ચાલો પ્રયાણ કરીએ સંસ્થાના અનોખા ભવિષ્યની પગદંડી પર સાથે, સથવારે, કલ્યાણની પગધારે, એકમેકને સહારે...**

**☐ શ્રી પાટણ જૈન મંડળ**

પડધા પાડી અન્યોન્યના મન સુધી પહોંચવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે. સગવડોનું સરનામું સંપત્તિ ક્યારેય ન બની શકે કારણ કે સુખનો સંબંધ સંપત્તિ સાથે એટલો નથી જેટલો સમ્યક્ અભિગમ સાથે છે. સંપત્તિનું સુખ મળે કે ન મળે, સ્નેહના, સંસ્કારના, સદ્‌ગુણના અને સમાધાનના, સુખના માલિક અવશ્ય બની શકાય છે.

**પ્રગતિની પગધારે :**

શતાબ્દી વર્ષની અનન્ય યાદગીરી અર્થે આપણે વર્ષ ૨૦૧૨નું સુરમ્ય આકર્ષક કેલેન્ડર પણ બનાવી રહ્યા છીએ, જેમાં ઉજવણી માટેના વિવિધ દાતાઓના નામ સાથે આવશ્યક માહિતી અને પાટણની પ્રભુતાને રંગે મઢી વિવિધ સ્મારકોના ફોટાઓ દર્શાવવામાં આવ્યા છે.

વિશ્વસનીયતા અને સકારાત્મક અભિગમ સમસ્ત સમાજની સલામતી સઘન કરી ભવિષ્યના પથદર્શક કિરણોને પ્રદિપ્ત બનાવે છે. પરિણામે પરસ્પરના સંબંધોમાં ઉષ્મા અને ઉદાત્ત ભાવનાનો ઉદય થાય છે. ખમીર અને ખુમારી સાથેનું આપણું સમાધાનકારી વલણ પ્રગતિ માટે પ્રેરણાત્મક બને છે. સત્યની વાસ્તવિકતા અને વિચારોની સ્વતંત્ર અભિવ્યક્તિ દ્વારા સ્પષ્ટ કરી શકાય છે.

**શાહપુર-ધર્મચક્ર યાત્રા પ્રવાસ :**

આપને વિદિત છે કે સમાજના વરિષ્ઠ નાગરિકો માટે શતાબ્દી વર્ષના પ્રારંભમાં **શ્રી પાટણ જૈન મંડળ જીવન સૌરભ સમિતિ** આયોજીત **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ શાહ (માટલીવાળા)** કનાસાનો પાડો પરિવાર તથા **શ્રીમતી વિમળાબેન નવિનચંદ્ર ગભરૂચંદ શાહ (ઝવેરીવાડો)** પરિવાર પ્રેરિત શ્રી શાહપુર તથા ધર્મચક્ર તીર્થયાત્રાનાં આયોજનની તૈયારી પૂર્ણાતને આરે છે. મંડળના ટ્રસ્ટી તથા જીવન સૌરભના કન્વીનર **શ્રી નવિનચંદ્ર નેમચંદ ગુંદરવાળા** તથા મંત્રીઓ **શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પનાલાલ શાહ** તથા **શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતીલાલ દેવડાવાળા, કાર્યાલયના સભ્યો** સાથે તૈયારીને અંતિમ ઓપ આપી રહ્યા છે. ભૂતકાળના યાત્રા પ્રવાસોની જેમ આ પ્રવાસ પણ સફળતાને વરશે તે નિશ્ચિત છે. દાતા પરિવારો તથા કાર્યકરોને ખુબ ખુબ શુભેચ્છા !

**સમાજ પાસેથી મેળવવા કરતાં આપણે સમાજને અત્યાર સુધી શું આપ્યું તે વિચારવું વધુ મહત્ત્વનું છે. સમાજ પ્રત્યેનો ઋણસ્વીકાર એજ નૈતિકતાની મુલવણી છે.** ઘણી વખત અનેક મૂલ્યોના ભોગે મેળવેલી સફળતા મૂલ્યના ભોગના મોલ કરતાં સફળતાની કિંમત ઓછી હોય છે, જે માણસ ભાગ્યે જ સમજે છે અને સ્વીકારે છે. આભાર...

**દિનેશ રસિકલાલ શાહ**

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**

સત્યમેવ જયતે

તા. ૨૫-૧૧-૨૦૧૧

**સ્નેહી શ્રી દિનેશભાઈ,**

સપ્રેમ નમસ્કાર.

**સદ્‌ભાવના મિશન પાટણ** ખાતે
ઉપસ્થિત રહી આપે વ્યક્ત કરેલ
સદ્‌ભાવના, શુભેચ્છા અને અંતરના
આશીર્વાદ સાથેની આપની લાગણીસભર
કામના માટે આભાર...

**સદ્‌ભાવના મિશન**ને પ્રત્યેક પગલે મળી રહેલ
પ્રતિસાદ અવિરત પ્રેરણા પૂરી પાડનારો રહ્યો છે.
સદ્‌ભાવના હવે જનભાવના સ્વરૂપમાં
પ્રતિબિંબિત થઈ રહી છે.

શાંતિ અને સહયોગ, સમજણ સાથેનું સમર્પણ,
વિકાસના માર્ગ માટેનો મહાયોગ બને
સદ્‌ભાવના મિશનના વિચાર-બીજને અંકુરિત
કરી રાજ્ય અને રાષ્ટ્રને પ્રશસ્તિપૂર્ણ પદે
પહોંચાડવામાં પ્રેરક બને...
જય જય ગરવી ગુજરાત...

સૌનો

**(નરેન્દ્ર મોદી)**

પ્રતિ,

**શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ,**
પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ,
૭૭, શ્રી પાટણ જૈન મંડળ માર્ગ,
મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦.

**નરેન્દ્ર મોદી**
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

ગુજરાત રાજ્યના માનનીય મુખ્ય મંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદીની** નિશ્રામાં તા. ૧૪-૧૧-૨૦૧૧ના રોજ યોજાયેલ પાટણ ખાતે સદ્‌ભાવના મિશનના મહાયજ્ઞમાં **શ્રી પાટણ જૈન મંડળને** પણ ભાવભર્યું નિમંત્રણ પ્રાપ્ત થયું હતું. આપણી સંસ્થા વતી **માનનીય પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહે** વિશાળ માનવ મેદની વચ્ચે રંગમંચ ઉપર મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને અભિવાદન કરી આવકાર્યા હતા. શતાબ્દી વર્ષને અનુલક્ષીને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું સો વર્ષ જેટલો દીર્ઘ અને યશસ્વી ગાળો સફળતાપૂર્વક ઉચ્ચતર સામાજિક અને શૈક્ષણિક આયામો સાથે પસાર કરતાં શ્રી પાટણ જૈન મંડળે ગરવી ગુજરાતને ગૌરવ અપાવી ગરિમાને જાળવી રાખવામાં અદ્‌ભૂત ફાળો આપ્યો છે. તેઓશ્રીએ શતાબ્દી વર્ષની ઉજવણી માટે હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. **પાટણના નગરશેઠ તથા મંડળના અતિથિગૃહના માનદ મંત્રી શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ શાહ પણ મંચ પર તાદશ્ય થતા હતા.**

## સંપાદકીય...

# મનની શાંતિ વગર બધું જ નિરર્થક

નવા નક્કોર ૩૬૫ દિવસનો ઉપહાર લઈને આપણે આંગણે વર્ષ ૨૦૧૨ આવી ગયું છે. સાથે સાથે **આપણાં સૌના વતનની, ગૌરવગાથા ગાતા, શ્રી પાટણ જૈન મંડળે પણ શતાબ્દી વર્ષમાં શાનદાર પ્રવેશ કર્યો છે. પ. પૂ. સર્વજ્ઞ કલિકાલ હેમચંદ્રાચાર્યના આશીર્વાદથી, પરમાત્મા શ્રી પંચાસરા પાર્શ્વનાથ દાદાની અસીમ કૃપાથી, સંસ્થાએ પોતાની યશસ્વી મંઝીલની ૯૯ વર્ષની યાત્રા સમાજના દરેક આત્મીય પરિવારજનોના સાથ-સહકારથી અને શુભેચ્છાના ત્રિવેણી સંગમ દ્વારા પૂર્ણ કરી છે. આપણે સૌ પાટણવાસીઓ તરફથી સંસ્થાને તેમજ ભૂતપૂર્વ આદરણીય પ્રમુખો, દાનવીરો અને સંસ્થાના વિકાસમાં પાયાના પત્થર બની મજબૂત ઈમારત ઉભી કરનારા સૌને હૃદયપૂર્વકના અભિનંદન...અભિવંદન.**

પ્રકૃતિ રોજ સવારે આપણને એક નવો દિવસ આપે છે. કોઈક નવી આશા સાથે, કોઈક નવા અરમાનો સાથે, તો કોઈક નવા સંકલ્પો સાથે નવા વર્ષના સોનેરી પ્રભાતને સૌ કોઈ આનંદથી ભરી દે છે. એકબીજાંને `HAPPY NEW YEAR' ની શુભેચ્છા આપી, ફરીથી નવા વર્ષની નવી કિતાબના કોરા પાનાં પર જીવનચર્યા આલેખથી શરૂ થઈ જાય છે.

વાચક મિત્રો ! આપ સૌ જાણતાં જ હશો કે દરેક આવતું નવું વર્ષ તમને કેટલી બધી વખત નવી કિતાબોના કોરા પાનાં મોકલી આપે છે. જેમાં તમારી ભૂતકાળમાં થયેલી ભૂલોને **Delete** કરવાની તક આપે છે. **પ્રથમ છે તમારો જન્મદિવસ.** આયુષ્યમાંથી એક વર્ષનો ઘટાડો અને નવા વર્ષનો વધારો. જે સાચી સમજણ આપે છે. **બીજો છે પર્યુષણ પર્વમાં સાંવત્સરિક પ્રતિક્રમણ કર્યા બાદ** જે પણ ભૂલો એકબીજાં સાથે વ્યવહારિક જીવનમાં થઈ હોય, જ્યાં રાગ-દ્વેષ કે વેર-ઝેરની ભાવનાથી મન દુઃખ ઉભા થયાં હોય તે માફ કરી, હૃદયને સાફ અને સરળ બનાવવાની તક આપે છે. ત્રીજો છે દિવાળીમાં નવા વર્ષના ચોપડા સાથે જ **'નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છા.'** અને **ચોથો છે ક્રિસમસ ન્યુ યર, ૧લી જાન્યુઆરી** અંગ્રેજી મહિનાનો પ્રથમ દિવસ. આમ ચાર ચાર અવસરો આપણને જીવનમાં હંમેશાં કંઈક નવું સર્જન કરવાની, માનવજીવન સાર્થક કરવાની તકો આપે છે. તેમ છતાં આપણે **'જેમ છીએ તેમ છીએ'** બીજાંને બદલી નાખવા, તત્પર છીએ પરંતુ જાતે બદલાઈ જવાનો પ્રયત્ન પણ નથી કરતાં, પરિણામે મનની શાંતિ ગુમાવીએ છીએ. આપણાં ભાગ્યોદયે કે પુણ્યોદયે કે આપણાં પુરુષાર્થ દ્વારા આપણને જીવનમાં જે જોઈએ છે તે બધું જ લગભગ મળી ગયું છે તેમ છતાં પણ સતત કાંઈ ઓછું પડતું હોય તેમ લાગે છે.

હમણાં જ એક પુસ્તકના સંદર્ભમાં વાંચવા મળ્યું કે; **જોસુઆ લિએબમેન** નામના અંગ્રેજ લેખકે એક પુસ્તક લખ્યું છે જેનું નામ છે **'ધ પીસ ઓફ માઈન્ડ'** મનની શાંતિ. **આ પુસ્તકમાં તેઓએ લખ્યું છે કે; 'જીવનમાં કંઈ પણ મેળવવાની યાદી કરો તો એમાં પહેલું સ્થાન 'પીસ ઑફ માઈન્ડ' મનની શાંતિને આપજો. એ મળી જાય તો બાકીનું બધું જ સુખ આપોઆપ મળી જશે અને જો મની શાંતિ ન મળી તો સમજી લો કે બાકીનું બધું જ નિરર્થક છે.**

ગામમાં આવેલા એક સંત પાસે ગામનો સૌથી શ્રીમંત ગણાતો શેઠ તેમના આશીર્વાદ લેવા ગયો. સંતના ચરણો પાસે બેસીને વાતો કરવા લાગ્યો, પોતાના હૃદયની વ્યથા ઠાલવતાં કહ્યું કે, ગુરુદેવ મારી પાસે જે જોઈએ તે બધું જ છે તેમ છતાં મારી અંદરથી સતત એક અવાજ નીકળ્યા કરે છે કે હજુ પણ કશુંક ખૂટે છે. તમે પણ સંસાર જોયો છે. બધી રીતરસમોના જાણકાર છો. અનુભવી છો તો મને યાદ કરાવો કે કઈ વસ્તુ મારે મેળવવાની બાકી છે. સંતે પોતાની પાસેથી એક મોટો કાગળ અને પેન આપી શેઠ પાસે જે જે ભૌતિક સામગ્રીઓ છે તેની યાદી લખવા જણાવ્યું. શેઠે બરાબર યાદ કરી કરીને લખી તૈયાર કરીને કાગળ સંતના હાથમાં મૂક્યો. સંતે તેના પર નજર કરી અને લાંબી ચોકડી મારી દીધી. શેઠ તો આભા બની ગયા. સંતને આમ કરવાનું કારણ પૂછ્યું. તો સંતે મૌન રહીને માત્ર ત્રણ શબ્દો મોટા અક્ષરે લખી આપ્યા. 'પીસ ઓફ માઈન્ડ'. બાકી છે. **તને જ્યાંથી પણ મળે છે, જે પણ કિંમત હોય તે ખરચીને પણ તું મનની શાંતિ લઈ આવ. તેના વગર તારી બધી જ સામગ્રી નકામી છે.** તને સુખ-સગવડના બધાં જ પદાર્થો મળ્યા પણ તારી અંદર રહેલી અસંતોષની આગને કારણે તારી મનની શાંતી છીનવાઈ ગઈ છે તેથી આ યાદી પાછળ દોડવાનું નિર્થક છે. સંતે તેને સ્વભાવમાંથી પરિગ્રહની લાલસા ઓછી કરવી જ નહીં, પણ તેની બાદબાકી કરવા સમજ આપી. અને મનની શાંતિ મળે તે માટે થોડાંક મહત્ત્વના સૂચનો આપી સતત તેને યાદ રાખી લેવાની આજ્ઞા આપી.

**૧. કામ કરવામાં આનંદ આવે તેટલાં પ્રમાણમાં સ્વાસ્થ્ય જાળવી રાખવા સજાગ રહેવું.**

**૨. આપણી જરૂરિયાતો સંતોષી શકાય તેટલું ધન રાખી, બાકીનું ધન સત્કાર્યોમાં વાપરતાં રહેવું.**

**૩. પોતાની ભૂલ કબૂલ કરવા જેટલી મનની મોટાઈ રાખવી. બીજાની ભૂલોને માફ કરવાની ઉદારતા રાખવી.**

**૪. સતત પુરુષાર્થ કરતાં રહેવું, જ્યાં સુધી સંપૂર્ણ સફળતા ન મળે ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખવા.**

**૫. કર્મના સિદ્ધાંતને પ્રાધાન્ય આપવું, બીજાને દોષિત ન સમજવા.**

**૬. સૌ કોઈને પ્રેમ કરતા રહેવું, માન-આદર આપતા રહેવું.**

**૭. ઈર્ષા, અદેખાઈ, વેર-ઝેરના ભાવોને હૃદયમાંથી તિલાંજલી આપવી.**

**૮. મુશ્કેલીનો સામનો હિંમત અને ધીરજથી કરવો.**

**મનુષ્યનું જીવન એક ગાગર સમાન છે.** તેમાં અમર્યાદ અપેક્ષાઓ ભરવાની કોશિષ કરવી એ મૂર્ખતા છે. આપણે ઈશ્વરને બે હાથ જોડી, આપણાં સ્વાર્થ માટે પ્રાર્થના-પૂજા-ભક્તિ દ્વારા આપણાં હાથમાં રાખવા માંગીએ છીએ પરંતુ આપણો હાથ ઈશ્વરના હાથમાં સોંપતા નથી. જો **આપણું જીવન ઈશ્વરના હાથમાં સોંપી દઈએ તો 'પીસ ઓફ માઈન્ડ' આપણને મળવાનું જ છે. તેમાં સલામતી અને શાંતી બંને સમાયેલા છે.**

*જગદીશ જેના ઈશ થાય, એની સઘળી વીશ સફળ થાય;*
*જેના દિલમાં જગદીશ પ્રગટે, તેનો આત્મા સદાય ઝળહળે;*
*જગતમાં તમે કોઈના મનમાં મલકાજો ,*
*જગદીશ તમને માલામાલ કરી મહેંકાવશે.*
*સ્નેહથી સૌને સત્કારજો, વ્હાલથી સૌને વધાવજો;*
*પ્રેમ પુષ્પોથી સન્માનજો, મનની શાંતિ પામજો.*

**Wish You All HAPPY NEW YEAR**


☐ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**

☐ **શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ** (ગુંદરવાલા)

**માનદમંત્રીઓ, સંપાદક સમિતિ**

# સમાજ માટે અનેકવિધ અનન્ય અને વિશિષ્ટ સેવાઓ પ્રદાન કરતા શ્રી પાટણ જૈન મંડળનું શતાબ્દી વર્ષ

## 'દિશા વિકલાંગ' ભીનમાલ બોંતેર જીનાલય યાત્રા પ્રવાસ અને પાટણમાં ફિઝિયો થેરાપી કેમ્પ

**શ્રી પાટણ જૈન મંડળ**ના શતાબ્દી વર્ષની શુભારંભ માટેની તૈયારી જોરમાં ચાલી રહી છે. ત્યારે 'દિશા' પણ તેમાં સામેલ થઈ ચૂકી છે.

**શ્રીમતી તલસીબેન મીસરીમલજી સંઘવી** તેમના સુપુત્ર **શ્રી શાંતિભાઈ સંઘવી**ના ઊમદા સૌજન્યથી પાટણ દિશા વિકલાંગ બાળકો માટે **'ભીનમાલ બોંતેર જીનાલય'** યાત્રા પ્રવાસ તેમજ પાટણમાં બાળકો માટે વર્કશોપમાં કેમ્પનું તા. ૧૬-૧૧-૨૦૧૧ થી તા. ૨૦-૧૧-૨૦૧૧ દરમ્યાન આયોજન કરેલ. લગભગ ૫૦ બાળકો તથા તેમના વાલીઓ પણ સામેલ હતા. ભીનમાલ તીર્થ ખાતેનો સંપૂર્ણ ખર્ચનો લાભ **શ્રીમતી મંજુબેન મંગલ પ્રભાત લોઢા**એ લીધેલ. ઉત્કૃષ્ટ સગવડતા બદલ 'દિશા' તેઓનો ખૂબ જ આભાર માને છે. પાટણના વર્કશોપમાં ગહુલીની સ્પર્ધામાં ૨૫ બાળકોએ તેમના વાલીઓ સાથે જે મહેતનથી ગહુલીઓ બનાવેલ તે ખૂબ ખૂબ અનુમોદનાને પાત્ર છે. એક બીજાનું જોઈને તેમની પ્રવૃત્તિ વિકાસ પામે. દરેક વાલીઓએ સંસ્થાનામંત્રીઓને વિનંતી કરી હતી કે બાળકોને આથી ખૂબ જ આનંદ અને પ્રોત્સાહન મળશે.

શ્રી પાટણ જૈન મંડળ **'દિશા વિકલાંગ ઊત્કર્ષ સમિતિ 'દિશા'** તથા **લાયન્સ કલબ ઓફ તારદેવ ઈન્ટરનેશનલ**ના સંયુક્ત ઉપક્રમે ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આશરે ૮૫૦ વ્યક્તિઓએ લાભ લીધેલ, પાટણ યુનિવર્સિટીના **કુલપતિ શ્રીમતી હેમાક્ષીબેન રાવ**ના વરદ્ હસ્તે દિપ પ્રગટાવી પવિત્ર નમસ્કાર મહામંત્રની પ્રાર્થના કરીને કેમ્પની શુભ શરૂઆત કરવામાં આવી. શ્રીમતી હેમાક્ષીબેનનું બહુમાન કાર્યશાળાના બાળકોએ બનાવેલ સુંદર માળાથી તેમજ ધુપ અને બેગ આપી કરવામાં આવ્યું હતું.

**ડૉ. શ્રીમતી સરોજબેન સંઘવી**ના માર્ગદર્શન નીચે **ડૉ. જીગરભાઈ પટેલ, ડૉ. જયદીપ બારોટ, ડૉ. કુણાલ ઠક્કર, ડૉ. સ્વીટી ગુપ્તા, ડૉ. રીન્કુ પટેલ, ડૉ. મીતેષ ઘીવાળા, ડૉ. ઊન્નતી પટેલ** તેમજ તેમનો સ્ટાફ દરેક દરદીને યોગ્ય માર્ગદર્શન તથા થેરાપી, લાઈટ, કસરત માટેની ટ્રીટમેન્ટ આપી. તેઓએ વિના મૂલ્યે ઊમદા સેવા આપેલ. જરૂરિયાત વાળા દર્દીને ટીચવાની, પટ્ટા, કમ્મરના પટ્ટા, ની કેપ તથા ગળા માટેનો કોલર તેમજ અભયભાઈ શાહે (વખતજીની શેરી), **સંજીવની ટ્રસ્ટ** તરફથી કેલશ્યમ ટેબલેટ દર્દીને વિના મૂલ્યે આપી હતી.

શનિવારે આશરે ૬૦ થી ૭૦ સાધ્વીજી ભગવંતોનો લાભ મળેલ. તેમને પણ ટ્રીટમેન્ટ તેમજ નિદાન કરીને યોગ્ય સારવાર પણ કરી. આ બધા કાર્યક્રમોમાં બારડોલીથી ફાઉન્ડર દાતા**શ્રી સેવંતીભાઈ શ્રી ભદ્રકુમારભાઈ હાજર હતા. શ્રી યશમુખભાઈ માટલીવાળા** તથા બાળકોના માતા-પિતાએ સુંદર વ્યવસ્થા કરવામાં મદદ કરેલ જેથી આ કેમ્પસફળ થઈ શક્યો.

'દિશા' વિકલાંગ ઊત્કર્ષ સમિતીના સેક્રેટરી **શ્રીમતી પ્રેમીલાબહેન, શ્રીમતી હીનાબહેન માટલીવાળા, શ્રીમતી ભદ્રાબહેન ચંદ્રકાન્તભાઈ પટ્ટણી** (ઑપ્ટિશિયન) વિગેરેએ બન્ને દિવસે જહેમત કરેલ. અમારા બધા કાર્યમાં માનવંતા પ્રમુખ **પૂ. શ્રી જે. કે. શાહ, શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ** તથા **મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ** તરફથી અનન્ય સહકાર મળેલ. પંચાસર ધર્મશાળાના ટ્રસ્ટીઓ તેમજ તેમના સ્ટાફનો પણ ખૂબ જ આભાર. આ આયોજનમાં મદદ કરવા બદલ **શ્રી રૂચીત જતીનભાઈ, શ્રી પ્રુતુલ, જસુભાઈ, તૃપ્તિબહેન, મંડળના પાટણ ખાતેના સંચાલક શ્રી ધીરુભાઈ** આ બધાના સાથ-સહકારથી અમો આ પ્રોગ્રામ સુંદર રીતે કરી શક્યા. તેમજ પાટણના દરેક વર્તમાનપત્રોનો પણ આભાર. જેમણે આ કેમ્પનું સુંદર કવરેજ આપેલ.

શનિવારે રાતના સાંસ્કૃતિક પ્રોગ્રામમાં ચીફ ગેસ્ટ **ડૉ. રાજેન્દ્રભાઈ**, તેમના ધર્મપત્ની **શ્રીમતી મિનાક્ષી બહેન, ડૉ. ઊમેશભાઈ, શ્રી છનાભાઈ, શ્રી સુરેશભાઈ ઊંબરીવાળા, શ્રી હરનીશભાઈ** વગેરે મહાનુભાવોની હાજરીથી પ્રોગ્રામ દીપી ઊઠ્યો. **'આવકાર'ના માલિક** તથા **જનતા હૉસ્પિટલના પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલે** શુભેચ્છા પાઠવેલ. શ્રી શાંતિભાઈ સંઘવી (યાત્રા પ્રવાસના દાતા) તરફથી દરેક બાળકનું બહુમાન કરવામાં આવ્યું હતું.

તા. ક. : તા. ૮-૨-૧૨ થી તા. ૧૩-૨-૧૨ સુધી હૈદ્રાબાદ કુલપાકજી યાત્રા પ્રવાસના આયોજન માટે સૌજન્ય દાતા **શ્રી હર્ષભાઈ દીપકભાઈ જેશીંગલાલ શાહ** (મનમોહનજીની શેરી)નો ખૂબ ખૂબ આભાર.

**❑ વિકલાંગ સમિતિ**


**જગ્યા આપવાની છે**

ફોફલીયા વાડો, વખતજીની શેરી પાઠશાળા સામે જગ્યા ૭૮૭ ચો. ફુટ તથા ૩૦૨ ચો. ફુટ આપવાની છે.
શેરીવાળાને પહેલી પસંદગી.

**કોન્ટેક્ટ : શ્રી અશોકભાઈ**

**R. 081-2241168 O. : 0281-2229078**

ADVT



જીવનના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા કુદરતે બે શક્તિઓ આપી છે. એક શરીરની અને બીજી મનની. ફક્ત શરીરની શક્તિના ઉપયોગથી રોટી, કપડાં અને મકાન મળે છે, જ્યારે મનની શક્તિનો વધુમાં વધુ ઉપયોગ કરવાથી જીવનમાં ઊંચા લક્ષ્યાંકો પ્રાપ્ત થઈ શકે છે. તો પછી શું વિચારો છો ?

Contact Mob.: 9869045269

**શ્રી પ્રતાપ શાહ**

ADVT

# જીવન માંગલ્યની ઊગતી ઊષાએ...

**સ્પર્શ આ કોનો થયો કે રોમે રોમ મારા મહેક્યા કરે,**
**પ્રભાતના  પારેવા જેમ કલરવ કરી મહેક્યા કરે !**

આપણી માતૃસંસ્થા **શ્રી પાટણ જૈન મંડળ** ઝીલમીલ થતાં ઝળહળતાં શતાબ્દી વર્ષમા પ્રવેશી ચૂકી છે ત્યારે સ્વજનો સાથે વિચારગોષ્ઠી કરવાનું મન થાય એ સ્વાભાવિક છે. જીવન માંગલ્યના મંગલ પ્રભાતે આપ સૌ મંડળના મશાલચીઓને હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન.

કોઈપણ સમાજની પ્રગતિ અને પ્રેરણા માટે પ્રચારક અને સુધારક કરતાં વિચારક અને વિધાયક સવિશેષ મહાત્મ્ય અને મહત્ત્વ ધરાવે છે. પ્રસંગોપાત સમાજના રોગની નાડી સમજથી પારખી શ્રદ્ધાપૂર્વક હકારાત્મક અભિગમ અપનાવી સઘન પ્રયત્નો થકી વિચાર વિમર્શ કરવો આવશ્યક જ નહીં ખૂબ જરૂરી છે. **આયોજન, આત્મિયતા, સાદ અને પ્રતિસાદ કઠણ કાર્યોને સરળ, સહજ અને સ્વાભાવિક બનાવે છે. વ્યક્તિના વિચારવૈવિધ્ય સાથે સુભગ સમન્વય થકી મૌલિકતાની મુદ્રા આપોઆપ પ્રગટ્યા વિના રહેતી નથી.**

સમાજના ધનકુબેરો અને લક્ષ્મિપતિઓનું અભૂતપૂર્વ યોગદાન અને પારદર્શક વ્યવહારિક અભિગમ, સમર્પિત ટ્રસ્ટીગણ, કાર્યકરો અને કાર્યાલયના સંન્નિષ્ઠ સભ્યો થકી આપણી સંસ્થા પ્રગતિના આકાશને આંબી શકી છે અને તેથી જ આપ મુબારકબાદીને પાત્ર છો. વર્તમાન અનિયંત્રિત સંજોગો અને બદલાતા સમીકરણોને અનુલક્ષી સતત જાગૃતિ અને સક્રિયતા દ્વારા વિવિધ સામાજિક ભયસ્થાનો, અનિશ્ચિતતા અને નિષ્ક્રિયતાને ખંખેરી ખભેથી ખભા મીલાવી સહિષ્ણુતા પૂર્વક નૂતન પગદંડી કંડારવાની તાતી જરૂર છે.

મિત્રો ! સાધના, શ્રદ્ધા, સંકલ્પો અને સભ્ય કાર્યકરોના કાર્યોનું સરવૈયું અવિસ્મરણીય નિસરણીના સમૃદ્ધ સોપાનો સર કરવાની અદ્વિતીય ક્ષમતા ધરાવે છે. **વ્યર્થ વ્યથાના વમળને વાગોળ્યા કરતા વર્ગીકરણથી અલિપ્ત રહી સાથ-સંગાથ થકી કાર્ય કરશું તો સબળ આત્મસંતોષનો આવિર્ભાવ થશે. અશક્યને અવકાશ આપ્યા વગર હૈયામાં ઈશ્વરની હયાતીના હસ્તાક્ષરના પડઘા આપોઆપ પડશે.** વિચાર શૂન્યતા કરતાં આચાર શૂન્યતા વિરાટ અને વિચક્ષણ સાર્વજનિક સંકટને નોતરે છે.

આપણને વિશ્વાસ છે આપણને અવિરત મળતી સફળતા અને તીક્ષ્ણ બુદ્ધિમત્તા પર. સંપત્તિની વિપુલતાએ આપણને અહંકારની બક્ષિસ આપી છે. સફળતાની હારમાળાએ આપણને બીજાની ઉપેક્ષા કરવાનું શીખવ્યું છે. આજે આપણી પાસે જે છે તે માત્ર આપણા પુરુષાર્થને આભારી નથી. કેટકેટલી વ્યક્તિઓ કે સંસ્થાના સહયોગે આપણે આ સ્થાને પહોંચી શક્યા છીએ. **આપણી સંપત્તિના માત્ર બે જ વિકલ્પો છે કાં તો આપીને જાવ કાં તો છોડીને જાવ.** લઈ જવાનો ત્રીજો વિકલ્પ કુદરતે આપણા માટે છોડ્યો જ નથી. લક્ષ ભલે હીરા, માણેક કે મોતીનું હોય પણ જીવવાનું છે. ઘઉં, જુવાર-બાજરી સાથે જ ! **નદીમાં હોડકાને તરતું મુકનાર ખલાસીની દૃષ્ટિ રાતના સમયે ધ્રુવના તારા તરફ હોય પરંતુ હોડકાને પાણી પર જ તરાવવાનું છે એનો ખ્યાલ ખલાસીને હોવો જ જોઈએ.**

નિખાલસતા, સ્વાર્પણ અને આત્મનિરિક્ષણ સમર્પણનું પ્રથમ પગથિયું છે. આપણા ખમીર અને ખુમારી સાથે સમાધાનકારી વલણ પ્રતિબદ્ધતા થકી સમાજની પ્રગતિ તથા પ્રેરણાને પોષે છે. એક વિચાર સતત અને અવિરત મનોમસ્તીષ્ક પર મંડરાઈ રહ્યો છે. માનવીનું મન મર્કટ જેવું છે. જે ગતિવિધિ કોઈની પણ શક્તિ કે સામર્થ્ય અને મર્યાદાની બહાર હોય તેની જાણકારી છતાં માનવ વ્યવહારિક ન વિચારી શકતો હોય તો તેનો અર્થ શું ? **છોરું કછોરું થાય માવતર કમાવતર ન થઈ શકે.**

કલ્પના નભોમંડળના તારક જેવી છે જેનો ચમકાર આપણે જોઈ શકીએ પણ તેને સ્પર્શ કરી શકતા નથી. માનવીનું જીવન દર્શન જ તેને મુઠ્ઠી ઉંચેરો બનાવે છે. **જે ગમે તે મળે તેનું નામ સુખ અને જે મળે તેને ગમતું કરીએ તેનું નામ આનંદ !** વેરાતી પાનખરે અને વિસ્તરતી વસંતે મહોરવાનું મિત્રો ! હું આપ મહાનુભાવોને આમંત્રણ આપું છું.

**વાદળ, વર્ષા થઈ વરસતા રહીએ, કદમથી કદમ મિલાવતા રહીએ;**
**પ્રેમ પારાવરાથી નિતરતા રહીએ, શુભેચ્છા શતાબ્દીની પાઠવતા રહીએ !**

**□ મ.ને.**



## SHOULD YOU CHANGE THE WORLD?

Once upon a time, there was king who ruled a prosperous country. One day, he went for a trip to some distant areas of his country. When he was bck to his palace, he complained that his feet were very painful, because it was the first time that he wenr for such a long trip, and the road that he went through was very rough and stony. He then ordered his people to cover every road of the entire country with leather.

Definitely, this would need thousands of cow's skin, and would cost a huge amount of money. Then one of his wise servants dared himself to tell king, `Why do you have to spend that unnecessary amount of money? Why don't you just cut a little peice of leather to cover your feet?'

The king was surprised, but he later agreed to his suggestion, to make a `shoe' for himself.

**Moral :** To make this world a happy place to live, you better change yourself-your heart, and not the world.

## A COPPER COIN

Mahatma Gandhi went from city to city, village to village collecting funds for the Charkha Sangh. During one of his tours he addressed a meeting in Orissa.

After his speech a poor old woman got up. She was bent with age, her hair was grey and her clothes were in tatters. The volunteers tried to stop her, but she fought her way to the place where Gandhiji was sitting. `I must see him,' she insisted and going up to Gandhiji touched his feet.

Then from the folds of her sari she brought out a copper coin and placed it at his feet. Gandhiji picked up the copper coin and put it away carefully. The Charkha Sangh funds were under the charge of Jamnalal Bajaj. He asked Gandhiji for the coin but Gandhiji refused.

`I keep cheques worth thousands of rupees for the Charkha Sangh,' Jamnalal Bajaj said laughingly `yet you won't trust me with a copper coin.' This copper coin is worth much more than those thousands' Gandhiji said. `If a man has several lakhs and he gives away a thousand or two, it doesn't mean much.'

But this coin was perhaps all that the poor woman possessed. She gave me all she had. That was very generous of her. What a great sacrifice she made. That is why I value this copper coin more than a crore of rupees.

**Moral :** Overlook and forgive the weakness of generous people, because if they fall down, God gives his hand in their hands and helps them.

## GOLD COINS

Once upon a time, there was a selfish man. He liked everything to be his own. He could not share his belongings with anyone, not even his friends or the poor.

One day, the man lost thirty gold coins. He went to his friend's house and told him how he lost his gold coins. His friends was a kind man.

A his frirnd's daughter was coming from an errand she found thirty gold coins, when she arrived home, she told her father what she had found. The girl's father told her that the gold coins belong to his friend and he sent for him. When the selfish man arrived, he told him how his daughter had found his thirty gold coins and handed them to him. After counting the gold coins the man said that ten of them was missing and had been taken by the girl as he had forty gold coins.. He further commented that he will recover the remaining amount from him. But the girl's father refused.

The man left the gold coins and went to the court and informed the judge about what had happened between him and the girls father. The judge sent for the girl and her father, and when they arrived asked the girl how many gold coins did she find. She replied thirty gold coins. The Judge then asked the selfish man how many gold coins did he lose and he answered forty gold coins. The judge then told the man that the gold coins did not belong to him because the girl found thirty and not forty as he claimed to have lost and then told the girl to take the gold coins and that if anybody is looking for them he will send for the girl.

The judge told the man that if anybody reports thay have found forty gold coins he will send for him. It was then that the man confessed that he lied and that he lost thirty gold coins but the judge did not listen to him.

**Moral :** Always be honest as dishonesty never pays.

## PLEASE HELP OTHERS

Once a gentleman was travelig in a train. He left thirsty and got down at a station in search of water. No sooner had he reached the water tap then the engine whistled and started. He ran back but missed the train.It was getting darker and he decided to spend the night at the station.

The next morning he enquired about the next train. He came to know that the next train was on the other day.

So he decided to find a place for a day's stay. He went to the nearby lodges to ask for a room but found none. It was getting darker and he could not find a room.

At last he reached a small hut. He asked the owner of the hut whether he could stay in his house for a day. The owner readily agreed. That day the owner served him food and gave him a room to stay, but did not ask nor expect anything in return.

At night when it did stike seven in the clock, the gentleman heard a knock at the door. The villager opened the door. The gentleman saw that a man dressed in gaudy and rich clothes entered the hut and demanded the owner to pay his debts.

The gentleman came to know that the villager was in need of money. The next morning he slipped a pocket in the drawer of the room and left.

When the villager came to konw about the pocket, he saw that there was a note addressed to him, it read `You helped me but did not expect anything from me. Yesterday i heard the conversation between you and the stranger and came to know that you were in need of money. This is what you need.'

**Moral :** Ehen you help others, you are helped too.

# શતાબ્દી વર્ષની ઉજવણીના શુભેચ્છક દાતાઓ

તા.૧૬-૧૨-૨૦૧૧ ને ગુરૂવારના રોજ આપણી સંસ્થા **શ્રી પાટણ જૈન મંડળે** સ્થાપનાના શતાબ્દી વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ પ્રસંગની ઉજવણી માટે શુભેચ્છક દાતાઓ (રૂા. ૧૫૦૦૦) વાળા સહર્ષ આવકાર્ય છે.

- મે.પ્રદીપકુમાર ફાર્મા પ્રા.લિ.
- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ શાહ (માટલીવાળા)
- શ્રી સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ
- શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ પરિવાર
- શ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ
- શ્રી જે. કે. શાહ
- શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ (ગુંદરવાળા)
- શ્રી વીરેન્દ્રભાઈ પોપટલાલ શાહ
- મે. ફારમીકા
- મે. નેહજ એન્ટરપ્રાઈઝ
- શ્રી સંજયભાઈ રમેશચંદ્ર બાપુલાલ શાહ
- શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ (કલકત્તાવાળા)
- શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી
- શ્રી જયંતિલાલ મણિલાલ શાહ (દેવડાવાળા)
- મે. બોમ્બે ટુલ્સ સપ્લાઈંગ એજન્સી
- શ્રી સંદીપભાઈ રમેશચંદ્ર મોતીલાલ શાહ
- શ્રી મયુરભાઈ નવીનચંદ્ર શાહ
- શ્રી નેહલભાઈ સતીષભાઈ ચીમનલાલ શાહ-ચેન્નાઈ
- શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ
- શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ
- શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ
- શ્રી મહાસુખલાલ (બચુભાઈ) પોપટલાલ શાહ
- શ્રીમતી હંસાબેન મનહરલાલ કેશવલાલ શાહ
- શ્રી રજનીકાંત મંગુલાલ શાહ
- શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ
- મે. કે. સેવંતીલાલ ઍન્ડ કું.
- શ્રીમતી પ્રેમલતાબેન પ્રતાપચંદ જસવા
- શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ
- શ્રી યશવંતલાલ હરીલાલ ઝવેરી
- શ્રી મફતલાલ ચુડઘર ચેરીટેબલ ટ્રસ્ટ
- શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ
- શ્રી મહેન્દ્રભાઈ રમણલાલ શાહ પરિવાર
- શ્રી કિર્તિલાલ સોમચંદ શાહ
- શ્રીમતી હસુમતીબેન રમેશચંદ્ર બાપુલાલ શાહ
- શ્રી સંજીવભાઈ શરદકુમાર શાહ
- શ્રી જતીનભાઈ પોપટલાલ શાહ
- શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ નગરશેઠ
- શ્રી સેવંતીલાલ છગનલાલ શાહ
- શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા
- શ્રી હરસુખલાલ બાપુલાલ શાહ

✷ ✷ ✷

# શતાબ્દી વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં ૪૫ વર્ષની વય ઉપરનાઓ માટે ક્રિકેટ મેચ

મંડળની સ્પોર્ટ્સ સમિતિ દ્વારા સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટે એક દિવસીય પ્રદર્શન મેચનું રવિવાર તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ ગોરેગાંવ સ્પોટ્સ કોમ્પ્લેક્સ ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ પોતાનું પૂરૂં નામ, ઉંમર, પાટણનો મહોલ્લો, રહેઠાણ વિસ્તાર, મોબાઈલ નંબર સહિતની વિગતો **તા. ૨૫-૧-૨૦૧૨ સુધીમાં** મંડળના મરીન ડ્રાઈવ તથા ગોરેગામ ખાતેના કાર્યાલયમાં રૂા. ૧૦૦/- રીફન્ડેબલ ડીપોઝીટ ભરી નોંધાવવા વિનંતી છે. જે મેચ પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. મેચનો પૂર્ણ આનંદ મેળવી શકાય તેવા શુભ આશયે આપ ખેલમાં બેટીંગ, બોલીંગ, ફિલ્ડીંગ, વિકેટ કીપીંગ વગેરેમાંથી જે ક્ષેત્રે વધુ પાવરધા હોય તે ખાસ જણાવશો. જેથી ટીમોની સુયોગ્ય ગોઠવણી કરી શકાય.

❑ **સ્પોર્ટ્સ સમિતિ**


## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલયઃમે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

### પાંજરાપોળની વિવિધ સહાય યોજના

| | | | |
|---|---|---|---|
| પશુ માટે શેડ | રૂા. ૧,૦૦,૦૦૦ | પશુઓને એક દિવસ લાપસી અને ઘાસચારો | રૂા. ૨૧,૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧,૦૦૦ | પશુઓને એક દિવસ ઘાસચારો | રૂા. ૧૫,૦૦૦ |
| પશુઓને લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧,૦૦૦ | પશુઓને માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧,૦૦૦ |
| આધાર સ્તંભ | રૂા. ૨૧,૦૦૦ | કાયમી ઘાસની તિથિ | રૂા. ૫,૦૦૦ |
| | | પક્ષીઓને કાયમી ચણતિથિ | રૂા. ૨,૦૦૦ |

**લાભાર્થીઓના નામ આરસની તક્તી પર લખાશે.** **લાભાર્થીઓના નામ તિથિને દિવસે બોર્ડ પર લખાશે.**

અભયદાન થકી પરભવમાં સૌભાગ્ય આરોગ્ય, દિર્ઘાયુ અને ઐશ્વર્ય સંપદા મેળવી શકાય છે.

ગુજરાત સરકારે જાહેરકરેલ ગુજરાત રાજ્યની સર્વશ્રેષ્ઠ પાંજરાપોળ ● આયકર કાયદા ૮૦જી અન્વયે સંસ્થાને આપેલ દાન મજરે મળે

સૌજન્ય : મે. સી. વાડીલાલ ઍન્ડ કાં., મુંબઈ.

advt

# પ્રજાસત્તાક દિવસે વધુ ગવાતું, રાષ્ટ્રગીત ‘જન ગણ મન’ પાંચ વર્ષ બાદ સદી પૂરી કરશે

## ૧૯૧૧માં કોંગ્રેસ અધિવેશનમાં પહેલીવાર ગવાયેલું: જ્યોર્જ પંચમ સાથે સાંકળીને વિવાદ થયેલો

બરાબર ૯૪ વર્ષ પહેલાં કોલકત્તમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૨૬મા અધિવેશનમાં પહેલીવાર ગવાયેલું ગીત ૩૯ વર્ષ પછી રાષ્ટ્રગીત બન્યું હતું. હા, આ વાત છે, **‘જન ગણ મન અધિનાયક જય હે’** ગીત-રાષ્ટ્રગીતની છે. **કવિવર રવીન્દ્રનાથ ટાગોર**ની આ રચના મૂળે તો બંગાળી ભાષામાં હતી. આપણે અત્યારે તો એ ‘ગીતના પ્રથમ અંતરા-પંક્તિઓનું જ ગાન કરીએ છીએ પણ આખી રચના પાંચ અંતરાની છે.

રવીન્દ્રનાથ ટાગોરે લખેલું આ ગીત કોલકત્તાના ગ્રીનપાર્કમાં ૨૭ ડીસેમ્બર, ૧૯૧૧ના રોજ રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશનમાં ગવાઈ રહ્યું હતું. આ ગીતને ‘ભારતની ભવ્યતા અને વિજયના ગીત’, ‘દેશપ્રેમ’ના ગીત તરીકે ચાહના મળતી ગઈ. ૧૯૧૭ના કોંગ્રેસના અધિવેશનમાં એ ગવાયું તે પછીથી જાણીતા અખબાર ‘ધ સ્ટેટસમેન’માં તેને ‘રાષ્ટ્રગીત’ તરીકે ઓળખાવાયું હતું. આ અધિવેશનના અધ્યક્ષ સ્થાને **ઍની બેસન્ટ** હતા. પ્રચલિત બનતા જતા આ ગીત અંગે પછીથી એક વિવાદનો મુદ્દો બનાવવામાં આવ્યો હતો. કેટલાક લોકોએ આ ગીતને બ્રિટનના સમ્રાટ જ્યોર્જ પંચમની પ્રશસ્તિ સાથે સાંકળીને મત વ્યક્ત કરવાનું શરૂ કર્યું તેમાંથી વિવાદ જન્મ્યો હતો.

ગીતના રચના અને વિવાદ સંદર્ભે છણાવટ કરતાં અધ્યાપિકા લેખિકા **શ્રીમતી રક્ષા વ્યાસે** નોંધ્યું છે કે આ ગીત રવીન્દ્રનાથના ગાઢ મિત્ર, **ન્યાયમૂર્તિ આસુતોષ ચૌધરી**ની વિનંતીથી રચેલું પાકા કોંગ્રેસી એવા ચૌધરીનો ઉદ્દેશ્ય કોંગ્રેસના અધિવેશનમાં ગાવાનો હતો અને તે ગવાયું પણ ખરું. ૧૯૧૧ની ૨૮ ડિસેમ્બરના રોજ **સુરેન્દ્રનાથ બેનરજી**ના સામયિક **‘બંગાળી’**માં અંગ્રેજી ભાષાંતરના રૂપમાં પ્રકાશિત પણ થયેલું ખુદ રવીન્દ્રનાથ ૧૯૧૯માં તેનો અંગ્રેજી અનુવાદ કર્યો હતો તેનું શીર્ષક હતું: **‘ધ મોર્નિંગ સોન્ગ ઓફ ઈન્ડિયા’**. એ અરસામાં અત્યંત લોકપ્રિય બની ગયેલા **‘વન્દે માતરમ્’**ને લઈને કોંગ્રેસની અંદર મતમતાંતર હતા. કેટલાક જૂથોએ વન્દે માતરમ્‌ને હિન્દુ દેવીનું, હિન્દુવાદી ભાવનાઓને વ્યક્ત કરતું અને તેથી મુસ્લિમ મિત્રોને અસ્વીકાર્ય રહેશે એમ જણાવીને ‘રાષ્ટ્રગીત’ તરીકે સ્વીકાર્ય ન ગણાય એવું કહેલું ૧૯૩૭માં કોંગ્રેસે એના નિરાકરણ માટે એક અલાયદી સમિતિ નીમી હતી. પણ કોઈ ગીતને એવો દરજ્જો આપવા બાબતે નિર્ણય લઈ શકાયો નહોતો. ‘જન ગણ મન’ સંદર્ભે પણ ચર્ચા થતી રહી હતી.

આ દિવસો ‘જન ગણ મન’ બાબતે વિવાદી સૂર ઊઠ્યો હતો કે તે બ્રિટીશ સમ્રાટની પ્રશંસા માટે લખાયેલું હતું.એટલે રવીન્દ્રનાથ ૧૯૩૭ની ૨૦ નવેમ્બરે ‘વિચિત્ર’ સામયિકમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, સરકારી વર્તુળોમાં પ્રભાવ ધરાવતા એક મિત્રે રાજાની પ્રશંસા માટે ગીત રચવા આગ્રહભરી વિનંતી કરી. તેમની વિનંતીએ મને આશ્ચર્યચકિત કરી દીધો અને તેમાં મારો ગુસ્સો ભળ્યો. આ સ્થિતિમાં આવેશભર્યા પ્રતિકારના ભાર હેઠળ મેં ‘જન ગણ મન અધિનાયક’ ગીતની રચના કરી. ભારત ભાગ્યવિધાતા તારો જય હો! હે ચિરસારથી, રાષ્ટ્રોની ચડતી પડતીથી ઘેરાયેલા કઠોર માર્ગ પર તારા રથચક્રથી તું યાત્રીઓનો યુગોથી પથદર્શક રહ્યો છે. જનગણના અંતર્યામી પથપરિચાયક અને વ્યાપક સમૂહને દોરવણી આપતા યુગો યુગોથી માનવના ભાગ્યરથની આ મહાન ભાગ્ય વિધાતા કોઈ જ્યોર્જ પાંચમા છઠ્ઠા કે કોઈ પણ જ્યોર્જ હોઈ શકે નહીં.’

૧૯૩૯માં તેમણે ‘પૂર્વાસા’ સામયિકમાં (ફાલ્ગુન નં. ૧૩૫૪નો અંક) ફરીથી લખ્યું હતું કે ‘જ્યોર્જ ચોથા કે પાંચમાની પ્રશંસા માટે આ ગીત રચવા જેવી અનહદ મૂર્ખતા કરવા માટે મને કોઈ યોગ્ય ધારતું હોય તો તેવી વાતનો પ્રત્યુત્તર આપવાની ચેષ્ટા કરી હું મારું પોતાનું જ અપમાન કરવા ઈચ્છતો નથી.’ એ જ અરસામાં તેમણે પોતાની ભત્રીજી ઈન્દિરા ચૌધરીને પત્રમાં લખ્યું હતું કે, જીવનમાં જાણ્યે અજાણ્યે ઘણાં મિથ્યા આચરણો મેં કર્યા હશે પણ કવિતામાં મેં ક્યારેય મિથ્યાવાળી કરી નથી.

રવીન્દ્રનાથ ટાગોરે તે સ્પષ્ટતાઓ કરી જ દીધી પણ ડિસેમ્બર, ૧૯૧૧ની પંચમ જ્યોર્જની કોલકતા મુલાકાત અંગેના સત્તાવાર અહેવાલમાં (હિસ્ટીરિકલ રેકર્ડ ઓફ ધ મ્પીરીયલ વિઝિટ ટુ ઈન્ડિયા ૧૯૧૧ પ્રકાશક : જહોન મૂરે ૧૯૧૪ લંડન) પણ ગીત અંગેના કોઈ ઉલ્લેખ નથી પરિણામે વિવાદ અંગેનું નિરસન થઈ જાય છે.

☐ **પ્રાસંગિક : ‘ગુજરાત સમાચાર’**




**CARAT JEWELLERY**

118, Dharam Palace,
B Wing, 1st Floor,
Hughes Road, Mum-7.
Cont. No.:02223610180/81
Tushar: 09820223110
Rupal: 09969525061
Amar: 09004777012
E-Mail-caratjewellery@gmail.com
By Appointments Only.

Advt

# પ્રાચીન ડભોઈ તીર્થે શ્રી નવપદ હાઈસ્કૂલના ‘બાબુ પનાલાલ પૂનમચંદ ઉચ્ચતર માધ્યમિક વિભાગ’નો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ

પ્રસિદ્ધ અને પ્રાચીન જૈન તીર્થ ડભોઈ મધ્યે, શ્રી વિજયદેવસૂરિ જૈન સંઘની કાર્યવાહક સમિતિ દ્વારા સંચાલિત **શ્રી નવપદ સાર્વજનિક હાઈસ્કૂલ**ના વિવિધ વિભાગોનો ઉદ્‌ઘાટન સમારોહ, દર્ભાવતી તીર્થોદ્ધારક **પૂ. આ. ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. તથા સિદ્ધહસ્તસર્જક પૂ. આ. ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** આદિ સાધુ-સાધ્વીજીની નિશ્રામાં તથા તા. ૬-૧૧-૧૧ ને રવિવારે ડભોઈના અગ્રણીઓ, ભાવિકોની ઉપસ્થિતિમાં યોજાયો.

સંસ્થાના પ્રમુખ **શ્રી પ્રવીણભાઈ શાહે** હાઈસ્કૂલની વિકાસગાથા રજૂ કરતાં જણાવ્યું હતું કે પાંચ વર્ષ પૂર્વે કેવડીયા કોલોની, સરદાર સરોવર તરફ જતાં પચાસ હજાર સ્કવેર ફીટના સંપૂર્ણ સ્વતંત્ર સંકુલ ઉપર હાઈસ્કૂલનું નિર્માણ થતાં શાળાએ વિકાસની હરણફાળ ભરી છે. કે. જી.થી હાયર સેકન્ડરીમાં સાતસો વિદ્યાર્થીઓ આ શાળામાં વિદ્યાભ્યાસ કરે છે. આ શાળામાં ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે પાટણનિવાસી **બાબુ પનાલાલ પૂનમચંદ જૈન હાઈસ્કૂલ ટ્રસ્ટ**ના માનનિય ટ્રસ્ટી પાટણ નિવાસી બાબુ નરેન્દ્રકુમારજીએ રૂા. ૪૦ લાખનું દાન ટ્રસ્ટ તરફથી અર્પણ કરતાં અમારું કાર્ય સરળ બન્યું હતું. **બાબુશ્રી નરેન્દ્રકુમારજી** તથા પાટણનિવાસી **શ્રી ચન્દ્રકાંતભાઈ કાંતિલાલ શાહ સોનાવાળા, શ્રી નવિનભાઈ છોટાલાલ શાહ, શ્રી ઈંદુભાઈ શાંતિલાલ કપાસી તથા શ્રી મહાસુખભાઈ (બચુભાઈ) પોપટલાલ શાહ**નો પણ સહયોગ અનન્ય રહ્યો છે.

પૂ. આચાર્યદેવોએ ફરમાવ્યું હતું કે જે છોડનું મૂળથી સિંચન થાય એ જ છોડ વિરાટ વૃક્ષ બની શકે, એમ જે વિદ્યાર્થીઓમાં બાલ્યાવસ્થાથી શિક્ષણનું સિંચન થાય એ જ સમાજમાં ઉન્નતિ કરી શકે. વિદ્યાર્થીઓમાં સંસ્કાર-નૈતિકતા તથા ધાર્મિકતા સંલગ્ન રહે એ જ આ શાળાનું લક્ષ્ય છે.

